ઓપરેશન ફાલ્કન: એક લશ્કરી કાર્યવાહી જ્યારે નવા રાજ્યના સર્જનમાં નિમિત્ત બની

બોર્ડર

કેપ્ટન શૂરવીર સિંહ

ગત સપ્તાહે અહીં આપણે ભારતીય લશ્કરના સ્પેશિયલ ફોર્સિસ (Para SF) વિશે વાત કરી હતી. એ વખતે એ બાબતનો પણ ઉલ્લેખ કરેલો કે ભારતીય લશ્કરના સ્પેશિયલ ફોર્સિસ દ્વારા હાથ ધરવામાં આવેલાં મિશન્સ અંગે પણ ક્યારેક વાત કરીશું. એ જ ન્યાયે આજથી બરાબર 40 વર્ષ પહેલાં એટલે કે 1986માં ભારતીય લશ્કરના સ્પેશિયલ ફોર્સિસ દ્વારા હાથ ધરાયેલી સત્તાવાર રીતે લગભગ પહેલી લશ્કરી કાર્યવાહી વિશે વાત કરી છે. ઓક્ટોબર, 1986 થી મે, 1987 સુધી ભારત અને ચીન વચ્ચે ભારતના વર્તમાન અરુણાચલ પ્રદેશની આસપાસના વિસ્તારમાં ચાલેલા સંઘર્ષનું લશ્કરી નામ ઓપરેશન ફાલ્કન છે, જ્યારે સામાન્ય પ્રજાની દૃષ્ટિએ આ સંઘર્ષનું નામ છે, સમડોરોન્ગ ચુ સ્ટેન્ડઓફ (Sumdorong Chu standoff).

ભારત એક લોકશાહી રાષ્ટ્ર છે. એટલે ભારતીય લશ્કર પણ છેવટે તો લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારને આધીન છે છતાં ભારતનો રાજકીય અને લશ્કરી એમ બંને પ્રકારનો ઈતિહાસ એવા કેટલાક ઉદાહરણોથી ભરેલો છે કે જેમાં લોકશાહી નેતાગીરીના સંપૂર્ણ સમર્થન સાથે કોઈ રાજ્ય કે કોઈ દેશના સર્જનમાં કોઈ લશ્કરી કાર્યવાહીની ચાવીરૂપ ભૂમિકા રહી હોય. આ મામલે સિક્કિમ રાજ્ય અને બાંગ્લાદેશના સર્જનમાં લશ્કરી ભૂમિકાના ઉદાહરણો જાણીતાં છે. આ જ રીતે આજનું અરુણાચલ પ્રદેશ રાજ્ય પણ ઓક્ટોબર 1986માં હાથ ધરવામાં આવેલી લશ્કરી કાર્યવાહીને પરિણામે પૂરા રાજકીય સમર્થન સાથે મે, 1987માં સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યું હતું. કેવી હતી એ લશ્કરી કાર્યવાહી અને તેની પાશ્ચાદભૂ? પ્રસ્તુત છે એક ચિતાર. આ વાત કરતાં એ પણ નોંધી લઈએ કે આ કાર્યવાહી વખતે જનરલ કે. સુંદરજી આપણા લશ્કરી વડા હતા અને રાજીવ ગાંધી વડાપ્રધાન હતા. અક્સાઈ ચીન પર 1949થી ચીનનો ડોળો રહ્યો છે. નહેરુના સમયમાં ચીને પહેલીવાર ભારત સમક્ષ એવો પ્રસ્તાવ રજૂ કરેલો કે ચીન નેફાને ભારતનો હિસ્સો માની લે અને ભારત અકસાઈ ચીનને ચીનનો હિસ્સો માની લે. ભારતે ત્યારે પણ આ પ્રસ્તાવ સ્વીકાર્યો નહોતો. એ પછી ભારતમાં ઈંદિરાયુગ આવ્યો ત્યારે આ વાત કરવાની ચીનની હિંમત ચાલી નહીં અને એ પછી રાજીવ ગાંધીના સમયમાં ચીને ફરી આ પ્રસ્તાવ મૂક્યો ત્યારે પણ ભારતે નમ્રતાથી તે ફગાવી દીધો હતો. પણ આ વખતે ચીન જરા જુદા મૂડમાં હતું. તેણે અકસાઈ ચીન અને નેફાની સરહદે પેશકદમી શરૂ કરી દીધી હતી. ચીન માટે જેમ આ નવી વાત નહોતી તેમ એક હદ સુધી ભારતીય લશ્કર માટે પણ આ નવી વાત નહોતી. પરંતુ 1986માં ચીને આ પરોક્ષ ઘૂસણખોરી મામલે તમામ હદ પાર કરી દીધી હતી. તેણે અહીં પોતાના લશ્કરની તૈનાતી વધારી દીધી હતી. ભારતીય લશ્કર અહીં પેટ્રોલિંગ કરતું હતું તેમાં પણ અડચણ ઊભી કરતું હતું અને આપણી પેટ્રોલિંગ ટુકડીને રીતસરનું અટકાવતું હતું.

ચીનની આવી દખલગીરી એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે ભારત માટે ચોક્કસપણે અસહ્ય હતી. એટલે જ ઓક્ટોબર, 1986ની આવી જ એક રાત્રે રાજીવ ગાંધીએ ફોનનું રિસિવર ઉંચક્યું અને તે સાથે શરૂ થયો ઓપરેશન ફાલ્કનનો દિલધડક ઘટનાક્રમ. આ

ઓક્ટોબર, 1986ની આવી જ એક રાત્રે રાજીવ ગાંધીએ ફોનનું રિસિવર ઉંચક્યું અને તે સાથે શરૂ થયો ઓપરેશન ફાલ્કનનો દિલધડક ઘટનાક્રમ. આ સમગ્ર લશ્કરી કાર્યવાહીનો ઘટનાક્રમ કંઈક આમ બન્યો

સમગ્ર લશ્કરી કાર્યવાહીનો ઘટનાક્રમ કંઈક આમ બન્યો: એ રાત્રે રાજીવ ગાંધીએ ઈમર્જન્સી કોલ પર ભારતીય લશ્કરના ઈસ્ટર્ન કમાન્ડના તત્કાલીન વડા અને 5મી માઉન્ટેઈન ડિવિઝનના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ(GOC in C) મેજર જનરલ જે. એમ. સિંહ 'જીમી'ને ચીની ઘૂસણખોરોને જડબાતોડ જવાબ આપવા માટે તાકીદ કરી. આ તરફ મેજર જનરલ જીમીએ જનરલ સુંદરજી સાથે તત્કાળ વાત કરી ઓપરેશન ફાલ્કન શરૂ કરવાની મંજૂરી લઈને રાજીવ ગાંધી સાથે ફરી વાત કરી અને લશ્કરી કાર્યવાહી માટે છેવટની મંજૂરી મેળવવા સાથે 1200 ખચ્ચરની માગણી કરી. એ લશ્કરી મોરચાની ભૂગોળ જોતાં લશ્કર અને તેના સરસામાન તેમજ શસ્ત્રસરંજામની ઝડપી હેરફેર ખચ્ચર થકી જ થઈ શકે તેમ હતી. જોકે આ રાજીવ ગાંધીના મનમાં કંઈક અલગ જ પ્લાન આકાર લઈ રહ્યો હતો એટલે ઈસ્ટર્ન કમાન્ડની ખચ્ચરની માગણી સામે તેમણે ભારે કદના બોમ્બ, બીજાં શસ્ત્રો અને સ્પેશિયલ ફોર્સિસ (Para SF)ના ચૂનંદા જવાનો સાથે કેટલાંક હેલિકોપ્ટર્સ ઈસ્ટર્ન કમાન્ડ તરફ રવાના કરાવ્યા હતા. ઝેમિથાંગ નામના સ્થળે પેરા એસએફ દ્વારા આ બધાં જ શસ્ત્ર સરંજામ અને પેરા એસએફની ટૂકડીઓ ઉતારાયાં એ પછી આ જ સ્થળની આસપાસ તુમુલ યુદ્ધ ચાલ્યું હતું જે દરમ્યાન બંને પક્ષે મોટા પ્રમાણમાં લશ્કરની હેરફેર અને તૈનાતી થતી રહી હતી. આ દરમ્યાન વળી, મોટાભાગે જમીની યુદ્ધ માટે વપરાતાં લશ્કરી વાહનો પણ જરૂર મુજબ આપણાં હેલિકોપ્ટર્સ દ્વારા એરલિફ્ટ કરીને તત્કાળ છતાં મોટાપાયે ખૂલેલા આ લશ્કરી મોરચે લવાયાં હતાં. ભારતે ચીનને આપેલો આ જવાબ એવો જડબાતોડ હતો કે 18 ઓક્ટોબર, 1986ના રોજ આ સંઘર્ષ શરૂ થયો અને 15 નવેમ્બર, 1986ના રોજ તો ચીને જ સામે ચાલીને ફ્લેગ મિટિંગની માગણી કરી હતી, જે સ્વીકારી લેવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યવાહીમાં ભારતનો હેતુ સ્પષ્ટ હતો કે જે વિસ્તાર ભારતનો જ છે તે પુનઃ કબજે કરવો. ભારતે તે જ ઉદ્દેશ પાર પાડતાં નેફામાંથી ચીનને સંપૂર્ણ રીતે પાછું ધકેલીને નેફા અને તેની આસપાસના સમડોરોન્ગ ચુ(Sumdorong Chu) સહિતના ત્યાં સુધી વિવાદાસ્પદ રહેલા વિસ્તારને એક કરીને પરોક્ષ રીતે અરુણાચલ પ્રદેશ નામનું આખું એક નવું રાજ્ય રચી નાખ્યું હતું. જોકે એ પછી અરુણાચલ પ્રદેશને સંપૂર્ણ રાજકીય મંજૂરી સાથેનો સત્તાવાર રાજ્યનો દરજ્જો મળવાની આખી પ્રક્રિયા થવામાં 1987નો મે મહિનો આવી જવાનો હતો.

આ લશ્કરી કાર્યવાહી અત્યારે સંભારવાનું એક કારણ એ પણ છે કે ચાલુ વર્ષે તેને 40 વર્ષ પૂરાં થઈ રહ્યાં હોવા છતાં તેની વિગતો પ્રમાણમાં ઓછી જાણીતી રહી છે અને વળી, લશ્કરી કાર્યવાહી તો વિસર્જનનું જ નિમિત્ત બને એવી સામાન્ય છાપથી વિરુદ્ધ અહીં એક લશ્કરી કાર્યવાહી એક નવા રાજ્યના સર્જનનનું પણ નિમિત્ત બની હતી તેની નોંધ પણ લેવી પડે તેમ છે. એટલા જ માટે ઓપરેશન ફાલ્કન આજે પણ યાદગાર છે.

રણબીરની 'રામાયણ'ને વિદેશમાં પહેલા બતાવવાનું કારણ શું હોય શકે?

રણબીર કપૂરની આગામી ફિલ્મ 'રામાયણ' અત્યારે માત્ર બોલિવૂડમાં જ નહીં પણ વૈશ્વિક સ્તરે સિનેમા જગતમાં ચર્ચાનો સૌથી મોટો વિષય બની ગઈ છે. આ ફિલ્મ માત્ર એક પૌરાણિક ફિલ્મ નથી પરંતુ ભારતીય સિનેમાના ઈતિહાસનો સૌથી મોટો અને ખર્ચાળ પ્રોજેક્ટ છે. જેનું બજેટ અંદાજે રૂ.૪૦૦૦ કરોડ આંકવામાં આવી રહ્યું છે. તાજેતરમાં લોસ એન્જલસ (LA)માં 'રામાયણ'ના પહેલા કટનું સ્પેશિયલ સ્ક્રીનિંગ રાખવામાં આવ્યું હતું, જેમાં ૧૮ થી ૬૦ વર્ષની વયના પ્રેક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એના જે રિવ્યુ બહાર આવ્યા છે તે સાંભળીને કોઈપણ સિનેમા પ્રેમી ખુશ થઈ જાય તેમ છે. કારણ કે દર્શકોએ ફિલ્મના વિશાળ સ્કેલ અને અત્યંત ભાવનાત્મક વાર્તાની ભારોભાર પ્રશંસા કરી છે.

LA ખાતે 'રામાયણ'નું સ્ક્રીનિંગ રાખવા પાછળ નિર્દેશક નિતેશ તિવારી અને નિર્માતા નમિત મલ્હોત્રાની વ્યવસાયિક ગણતરીઓ છુપાયેલી છે. તેઓ આ ફિલ્મને માત્ર ભારત પૂરતી મર્યાદિત રાખવા માંગતા નથી. તેને 'અવતાર' કે 'લોર્ડ ઓફ ધ રિંગ્સ' જેવી વૈશ્વિક સ્તરની ફિલ્મ બનાવવા માંગે છે. LA હોલીવૂડનું હબ છે. ત્યાંના નિષ્ણાતો અને બિન-ભારતીય પ્રેક્ષકો પાસેથી પ્રતિસાદ મેળવીને તેઓ એ ચકાસવા માંગતા હશે કે શું આ વાર્તા એવા લોકોને પણ સ્પર્શી શકે છે જેઓ રામાયણની સંસ્કૃતિથી અજાણ છે? જો ત્યાંના લોકો ઈમોશનલી જોડાય તો ફિલ્મની વૈશ્વિક સફળતા નક્કી છે. ભારતીયો રામાયણ સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા છે. આપણે ફિલ્મ જોતી વખતે કદાચ ટેક્નિકલ ખામીઓ પર ધ્યાન ન આપીએ અને માત્ર આસ્થાથી જોઈએ. પરંતુ વિદેશી પ્રેક્ષકો ફિલ્મને માત્ર એક સિનેમા તરીકે જોશે. નિર્દેશકની ગણતરી એવી હશે કે જો કોઈ ટીકા કે સુધારો હોય તો તે અત્યારે જ ખબર પડી જાય. જેથી ભારતમાં રિલીઝ સમયે કોઈ ક્યાશ ન રહે. ફિલ્મનું સંગીત અમેરિકા સ્થિત હોલીવૂડના લિજેન્ડ હંસ ઝિમર આપી રહ્યા છે. તેમની હાજરીમાં ફિલ્મના વિઝ્યુઅલ્સ સાથે સંગીતનું તાદાત્મ્ય બેસે છે કે નહીં તે તપાસવા માટે LA સૌથી યોગ્ય સ્થળ હતું. ભારતમાં રામાયણ અને રણબીર કપૂરના ફેન્સની સંખ્યા લાખોમાં છે. ભારતમાં જો નાનું અમથું સ્ક્રીનિંગ પણ થાય તો ત્યાંથી કોઈ દ્રશ્ય લીક થવાની કે ફિલ્મની વાર્તાના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થવાની શક્યતા ૧૦૦% રહે છે. LA માં ગુપ્તતા જાળવવી વધુ સરળ છે. જેથી ફિલ્મની ભવ્યતા રજૂઆત સુધી અકબંધ રહી શકે. એસ.એસ. રાજામૌલીની 'RRR'ને જે રીતે પશ્ચિમના પ્રેક્ષકોએ માથે ઊંચકી લીધી હતી તેનાથી આખા વિશ્વમાં ભારતીય સિનેમાની આબરૂ વધી છે. નિતેશ તિવારી જાણે છે કે જો 'રામાયણ'ને માત્ર ધાર્મિક ફિલ્મ તરીકે રજૂ કરાશે તો તે અમુક વર્ગ પૂરતી સીમિત રહેશે. પણ જો તેને વિશ્વકક્ષાનું મહાકાવ્ય તરીકે રજૂ કરાય તો ચીન અને અમેરિકાના બોક્સ ઓફિસ રેકોર્ડ્સ પણ તોડી શકે છે.

આપણે ફિલ્મ જોતી વખતે કદાચ ટેક્નિકલ ખામીઓ પર ધ્યાન ન આપીએ અને માત્ર આસ્થાથી જોઈએ. પરંતુ વિદેશી પ્રેક્ષકો ફિલ્મને માત્ર એક સિનેમા તરીકે જોશે

જ્યારે કોઈ ભારતીય ફિલ્મ પશ્ચિમના દેશોમાં વખણાય છે ત્યારે ભારતમાં તેનો ક્રેઝ આપોઆપ બેગણો થઈ જાય છે. LAમાં સ્ક્રીનિંગ રાખવાનો સીધો અર્થ છે કે તેમની નજર ઓસ્કાર પર છે.

હંસ ઝિમર જેવા દિગ્ગજનું સંગીત અને DNEG ના વિઝ્યુઅલ્સ આ ફિલ્મને ટેક્નિકલ કેટેગરીમાં નોમિનેશન અપાવી શકે છે. જો આવું થાય તો તે રણબીર કપૂરના કરિયર માટે સૌથી મોટી સિદ્ધિ હશે. આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામના પાત્રમાં જોવા મળશે અને આ ભૂમિકા માટે તેણે જે સમર્પણ બતાવ્યું છે તે કાબિલે તારીફ છે. સમાચારો મુજબ રણબીરે આ પવિત્ર પાત્રને ન્યાય આપવા માટે માંસાહાર અને દારૂનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે અને તેની બોડી લેંગ્વેજમાં પણ 'એનિમલ' જેવી ઉગ્રતા છોડીને રામ જેવી શાંતિ અને ગરિમા કેળવી છે. રણબીરની સાથે માતા સીતાના પાત્રમાં સાઈ પલ્લવી તેની સાદગી અને અભિનયથી આ પાત્રને જીવંત કરશે. જ્યારે રાવણ તરીકે સાઉથનો સુપરસ્ટાર યશ પોતાની પડછંદ કાયા અને દમદાર અવાજથી પડદા પર એક નવો ઈતિહાસ રચવા જઈ રહ્યો છે. સંગીતની વાત કરીએ તો ભારતના ગૌરવ એ.આર. રહેમાન અને હોલીવુડના લિજેન્ડ હંસ ઝિમર પ્રથમ વખત સાથે મળીને આ ફિલ્મનું બેકગ્રાઉન્ડ સ્કોર તૈયાર કરી રહ્યા છે. જે આ ફિલ્મને આંતરરાષ્ટ્રીય સ્તરની અનુભૂતિ કરાવશે. ફિલ્મમાં હનુમાન તરીકે સની દેઓલ અને દશરથ તરીકે અરુણ ગોવિલની પસંદગી પણ પ્રેક્ષકોમાં ભારે ઉત્તેજના જગાવી રહી છે. આ ફિલ્મને બે ભાગમાં રજૂ કરવાનું આયોજન છે. જેમાં પહેલો ભાગ આ દિવાળીએ અને બીજો ભાગ 2027 ની દિવાળીમાં રજૂ થશે. 'આદિપુરુષ' જેવી ફિલ્મોના વિવાદોમાંથી બોધપાઠ લઈને મેકર્સ દરેક નાની વિગત પર બારીકાઈથી ધ્યાન આપી રહ્યા છે. જેથી કોઈની લાગણી ન દુભાય. 'રામાયણ' એ ભારતીય સિનેમા માટે 'મેક ઓર બ્રેક' જેવો પ્રોજેક્ટ છે. જો આ ફિલ્મ LAના સ્ક્રીનિંગ મુજબ ખરેખર અદ્ભુત વિઝ્યુઅલ્સ અને ભાવનાત્મક વાર્તા પીરસી શકી તો તે 'બાહુબલી'ના રેકોર્ડ્સ પણ તોડી શકે છે. સૌથી મોટો પડકાર એ છે કે લોકોના મનમાં રામાયણની એક ચોક્કસ છબી છે. 'એનિમલ' જેવી ઉગ્ર અને વિવાદાસ્પદ ફિલ્મમાં સફળતા મેળવ્યા બાદ સીધા જ ભગવાન રામ જેવું મર્યાદા પુરુષોત્તમ પાત્ર ભજવવું એ એક અભિનેતા તરીકે રણબીરની બહુમુખી પ્રતિભા દર્શાવે છે. રણબીર હંમેશાં તેની પેઢીનો શ્રેષ્ઠ અભિનેતા રહ્યો છે પરંતુ આ ફિલ્મ તેને માત્ર સ્ટાર નહીં પણ મહાનાયક બનાવી શકે છે.

ફિલ્મોગ્રાફ

રાકેશ ઠક્કર

ઓટોગ્રાફ !

રણબીર કપૂર 'એનિમલ'માં 'પાપા, પાપા' બોલતો હતો. હવે 'રામાયણ'માં 'પિતાશ્રી, પિતાશ્રી' બોલતો જોવા મળશે. હિંસાથી ભક્તિ સુધીનો આ સૌથી મોટો મેકઓવર છે!

ઈન્ટરનેટના યુગમાં યુવાનોનું વાંચન ઓછું થતું જાય છે

દોસ્તો, આજે યુવાનોનું વાંચન ઓછું થતું જાય છે. એમના દિમાગના ગલ્લામાં વિચારોનો વકરો ઘટતો જાય છે. યુવાનો આડેધડ દોડતા સાંઢની જેમ હાથ લાગી તે દિશામાં દોડી રહ્યા છે. આપણે સૌ એ જોઈ આશ્ચર્યમાં પડી જઈએ છીએ કે એઓ પ્રેમમાં પડે તેની 'લવ પાર્ટી' આપે છે. અને લડીને છૂટા થઈ જાય તેની 'બ્રેકઅપ' પાર્ટી પણ આપે છે. એ બધું તેઓ માબાપને ખભે બંદૂક ગોઠવીને કરે છે. મતલબ મજા એમને અને સજા માબાપને..! એવા સંજોગોમાં સારું વાંચતા વિચારશીલ યુવાનો પ્રત્યે સમાજને માન જન્મે છે. ક્યારેક તેમની અતાર્કિક વિચારધારાઓનું પણ સ્વાગત કરવાનું મન

સ્ત્રી અને પુરૂષ વચ્ચે માત્ર સેક્સનો જ સંબંધ રહ્યો હોત તો રાધા અને કૃષ્ણના સંબંધને પણ 'લફરું' કહેવું પડતે. આ દુનિયાને તેટલા કદનું વેશ્યાગૃહ ગણવું પડત

થાય છે. એમ કહો કે હાથમાં સ્લેટ લેવાની જ ના પાડતા બાળક કરતાં ખોટે ખોટો એકડો ચીતરતા બાળક પ્રત્યે સમાજ વિશેષ આશાવાદી બને છે.

જરા વિષયાંતર કરીને મૂળ મુદ્દા પર આવીએ. થોડા સમય પહેલા એક વિચારગોષ્ઠિ થઈ હતી. એમાં કેટલાંક યુવાનોએ એ મતલબનો વિચાર વ્યક્ત કર્યો હતો કે - 'સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો મુખ્ય સંબંધ સેક્સ આધારિત જ હોય છે - કોઈ અન્ય કારણ હોતું નથી. એ યુવાનોએ સેક્સવિષયક દૃષ્ટિકોણ ફ્રોઈડ

પાસેથી ઉછીનો લીધેલો જણાય છે. ફ્રોઈડે એમ પણ કહ્યું છેઃ 'બાળકો સ્તનપાન કરે તેમાં તેઓ સેક્સ એન્જોય કરે છે..!' આ વિવાદાસ્પદ વિધાન છે. (ફ્રોઈડના મતાનુસાર તો સમગ્ર દુનિયામાંથી એક પણ બ્રહ્મચારી શોધ્યો ના જડે..!) અને ભિષ્મપિતા સહિત આપણે બધાં જ જન્મ્યા ત્યારથી જ સેક્સ ભોગવી ચૂક્યા છે. જોકે ફ્રોઈડ સાથે એડ્લર યુંગ જેવા મનોવિજ્ઞાનીઓ સંમત થતાં ન હતાં. ખરેખર સત્ય શું છે એ તો કોઈ વિદ્વાન પ્રકાશ પાડે તો જ સમજાય. પરંતુ એ જ રીતે પેલા આસ્તિક યુવાનોની વાત પણ ખાસ્સી અતાર્કિક જણાય છે. દોસ્તો, એ વિચારો કે સ્ત્રી અને પુરૂષ વચ્ચે માત્ર સેક્સનો જ સંબંધ રહ્યો હોત તો રાધા અને કૃષ્ણના સંબંધને પણ 'લફરું' કહેવું પડતે. આ દુનિયાને તેટલા કદનું વેશ્યાગૃહ ગણવું પડત.. અને હીર-રાંઝા, શિરી-ફરહાદ અથવા લયલા મજનુને પણ 'ચાલુ' કહેવા સિવાય કોઈ આરો ન રહ્યો હોત..! અને તો પછી કબિરના પેલા 'ઢાઈ અક્ષર'નું શું...? ગાલિબના પેલા આગકા દરિયાનું શું...? મને કહેવા દો કે એ રીતે સેક્સને મૂલવવામાં તો આપણે માનવજીવનમાંથી પ્રેમ જેવા બહુમૂલ્ય તત્વની સમુળગી બાદબાકી કરી નાંખીએ છીએ. ચર્ચા કરનારા યુવાન મિત્રો સંભવતઃ આસ્તિકો છે. એથી તેમના ખપનો એક પ્રશ્ન પૂછીએ. શું શ્રદ્ધાળુએ કેવળ શીરો ખાવા માટે જ સત્યનારાયણની કથા કરાવે છે? સ્ત્રી અને પુરુષોનો સંબંધ પણ સત્યનારાયણના પૂજન જેવો છે. એમાં સૌ પ્રથમ લાગણીના મધુરા સ્પંદનો વડે હૃદયવીણાના તાર ઝંકૃત થાય છે. અંતરના આંગણે ઊર્મિઓના અધ્યાય વંચાય છે. સેક્સ તો બહુ પાછળથી આવે છે. સેક્સ માનવીના સ્નેહ સંબંધોના દાદરનું અંતિમ પગથિયું છે- પહેલું નહીં.. સેક્સ એ સ્નેહનારાયણની કથાનો પ્રસાદ છે. કથાને અંતે જ તે પ્રાપ્ત થાય છે. ફ્રોઈડની ભાષામાં કહીએ તો સેક્સ એ યૌવનજન્ય મનોદૈહિક પ્રક્રિયા છે. જ્યારે પ્રેમ એ માનવ સંબંધોની ચૈતસિક સ્તરે ઉદભવતી મનોગત લાગણી છે. પ્રેમ ધરતી પર પ્રથમ વર્ષાના બુંદો પડવાથી પ્રગટતી માટીની હરી સોડમ જેવો છે. અને સેક્સ વર્ષાની હેલીથી નીપજતા કાદવ સમો છે, જે અન્નોત્પાદન માટે અનિવાર્ય છે.

આપણે જેને સ્થુળ ભાષામાં વિજાતિય આકર્ષણ કહીએ છીએ. તે આકર્ષણને આથો ચઢે એટલે તેમાંથી મોહ ઉત્પન્ન થાય છે. મોહને રૂપ કુરૂપ સાથે સંબંધ રહે છે. ત્યાં સુધી તે કેવળ આસક્તિ બની રહે છે. પણ એ આસક્તિમાના મોહને પ્રેમમાં પ્રમોશન મળે છે ત્યારે માણસને રૂપકૂરૂપની ખલેલ નડતી નથી. લયલા કાળી હતી પણ તેનું મૂલ્ય મજનુ માટે મિસ વર્લ્ડ કરતાં ય અદકેરું હતું. તાત્પર્ય એટલું જ કે પ્રેમની ગંગોત્રી વિજાતીય આકર્ષણમાં રહેલી છે. પણ તેથી વિજાતીય આકર્ષણ પ્રેમ છે એમ કહેવું ભૂલ ભરેલું ગણાય. દૂધમાં ઘી છૂપાયેલું છે પણ દૂધ એ ઘી નથી. દૂધ વિવિધ તબક્કઓમાંથી પસાર થયા પછી ઘી બને છે. તે રીતે મોહ, આસક્તિ, તૃષ્ણા, અનુરાગ જેવા વિવિધ પ્રોસેસમાંથી માનવલાગણી પસાર થયા પછી અંતે પ્રેમનું પટોળુ તૈયાર થાય છે. એ પટોળાને કિનારે શોભતી ભાત તે સેક્સ...! પ્રત્યેક પટોળાને પાલવ હોતો નથી. તેમ દરેક સેક્સમાં પ્રેમ અચૂકપણે હોય જ એવું હોતું નથી. (જો એમ જ હોત તો દુનિયાનું દરેક વેશ્યાગૃહ પ્રેમમંદિર કહેવાતું હોત) વસ્તુતઃ પ્રેમ અને સેક્સ વચ્ચે વિરાંગના અને વારાંગના (રૂપજીવીની) જેટલો તફાવત છે. હજી વધુ સ્પષ્ટ કરીએ તો પ્રેમ અને સેક્સ વચ્ચે ઝાંસીની રાણી અને પામેલા બોર્ડસ જેવો તફાવત છે. તાત્પર્ય એટલું જ પ્રેમમાં સેક્સ સંભવી શકે પણ પ્રત્યેક સેક્સમાં પ્રેમ હોય જ એવું હોતું નથી. મીરાં અને મોહનનો પ્રેમ સેક્સથી પર એવી પરમ દિવ્ય ઘટના હતી. પ્રેમમાં સેક્સ ભળે ત્યારે તે ફાફડા જોડેના મરચા જેવો લિજ્જતદાર બની શકે છે. સેક્સ અને પ્રેમ વચ્ચેનો તાત્વિક ભેદ સમજી લેવા જેવો છે. પ્રેમ મંદિરની મૂર્તિ જેવું મૂખ્ય અને મહત્વનું લક્ષ્ય છે.

જીવન સરિતાને તીરે

દિનેશ પાંચાલ

ધૂપછાંવ

મંદિરેથી પાછા વળતીવેળા તમારા હાથમાં જે પ્રસાદ મુકાય છે- તે સેક્સ ગણાય..! ઘણા યુવાનો સેક્સને જ પ્રેમ માની લે છે. ને ઘણાં વળી પ્રેમમાં સેક્સને અનિવાર્ય સમજે છે. પરંતુ પ્રેમ અને સેક્સ બન્નેનું માનવ જીવનમાં આગવું મહત્વ છે. કોઈ દંપતિના દિલમાં એ બન્ને તત્વોનું સુંદર સંમિશ્રણ હોય તો તેમનો બેડરૂમ દાંપત્યનંપ સર્વશ્રેષ્ઠ મંદિર બની રહે છે.